# મીનાબજાર ખાતે લાકડાના કેબીનમાંથી ૧૨ પેટી વિદેશી દારૂ ઝડપાયો

## એલસીબી પોલીસે ૨.૮૮ લાખના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોને દબોચી લીધા



ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના મીના બજાર ખાતેથી લાકડાની કેબીનમાંથી એલસીબી પોલીસે ૧૨ પેટી વિદેશી દારુ અને ૨૪ બિયરના ટીન સાથે ત્રણ શખ્સોની અટકાયત કરવામાં આવી છે. એલસીબી પોલીસે ત્રણ શખ્સો સામે પ્રોહિ એક્ટ હેઠળ ગુનો નોંધી રૂ. ૨.૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.રાઠોડ સ્ટાફના કર્મચારીઓ સાથે પેટ્રોલીંગમાં હતા તે સમયે સાથે રહેલા પો.કો.જીજ્ઞેશકુમારને ખાનગી રાહે બાતમી મળી હતી કે મીના બજાર ખાતે વિદેશી દારુનું વેચાણ થાય છે. જેથી પોલીસે મીના બજાર ખાતે રેઈડ પાડી હતી. જેમાં પોલીસને એક આઈ-૨૦ કાર નં. જી.જે.૧૮.બી.જે.-૫૪૩૨ નજરે પડી હતી, જેમાં ગણપતસિંહ મહોબતસિંહ વાઘેલા (ઉં.૨૫, સુથારવાસ વાસણીયા મહાદેવ), નરેન્દ્રસિંહ પ્રવિણસિંહ વાઘેલા (રહે. પ્લોટ નં.૫૨૬-૨ સેક્ટર-૪ બી મુળ રહે.બાસણગામ), અને રવિ અશોકભાઈ શર્મા (ઉં.૨૮ સેકટર-૨૪ શીવમ ફ્લેટ એમ-૨-૨૨, ત્રીજે માળ) હતા. પોલીસે ત્રણ શખ્સોને સાથે રાખી તેમણે રાખેલુ લાકડાનું કેબીન ચેક કરતા અંદરથી વિદેશી દારુ મોટા જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તપાસ કરતા ૧૪૫ બોટલ વિદેશી દારુ કિં. ૬૭,૫૬૫ અને ૨૪ બિયરના ટીન રૂ.૩ હજારના મળી આવ્યા હતા. એલસીબી પોલીસે દારૂ-બિયરનો જથ્થો, કાર, મોબાઈલ રોકડા મળી કુલ રૂ.૨,૮૮,૮૬૫ નો મુદ્દમાલ કબ્જે કરી ત્રણેય શખ્સો સામે પ્રોહિ એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખની કચેરીમાં પણ રંગરોગાન સાથે નાના રિનોવેશનની કામગીરી હાથ ધરાઈ.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક ૧૪મીએ જિલ્લા પંચાયત ખાતે મળશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં અ.મ.ઈ. અને સેક્શનલ સુપરવાઈઝરોની જગ્યાઓ ખાલી પડતાં વિકાસના કામોમાં વહીવટીય અંતરાય ઉભો થયો છે.
- જિલ્લામાં કોરોનાના વધતા જતા કેસો અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા આજે હાથ ધરવામાં આવી હતી.
- ગાંધીનગરમાં આજે એક ઈંચ જેટલો વરસાદ નોંધાતાં નગરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જતાં મનપાના તંત્રનો ડિઝાસ્ટર પ્લાન કાગળ પર જ રહી ગયો.
- ગાંધીનગર પાટનગર યોજનામાં નવા ઈજનેરોની નિયુક્તી કરી સરકારે વધુ એકવાર તંત્રને વેગીલી બનાવવાનો પ્રયાસ હાથ ધર્યો છે. જો કે વયમર્યાદાને લઈ નિવૃત્તિ લેનાર કર્મયોગીઓની જગ્યાઓ ખાલી રહેવા પામી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મારો ફોન મારા હાથમાં જ છે... તું જો મને વધુ માર મારીશને તો હું... મારા ફોનનાં ફોન લિસ્ટમાંથી તારું નામ ડીલીટ કરી નાખીશ...!!

# પોલીસે ૪ સ્થળે દરોડા પાડીને ૨૦ જુગારીઓ ઝડપ્યા

## પોલીસે ત્રણ બાઈક, ૧૦ મોબાઈલ અને રોકડ સહિત કુલ ૧,૮૮,૭૯૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૮

શ્રાવણ માસ પ્રારંભ થવાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેર-જિલ્લામાં જુગારની પ્રવૃતિ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર પોલીસ તંત્રએ વિવિધ ૪ સ્થળે દરોડા પાડીને ૨૦ જુગારીઓને પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂપીયા, મોબાઈલ, બાઈક સહિત કુલ રૂ.૧,૮૮,૭૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામની પાછળ પુન્દ્રાસણ ગામે મંગળવારના રોજ સાંજના સુમારે એલસીબી-૨ એ બાતમીને આધારે ખેતરમાં ઝાડના નીચે બેસીને જુગાર રમી રહેલા જુગારીઓને ઝડપી પાડ્યા હતા. જેમાં પુન્દ્રાસણ ગામના મનુજી જવાનજી ઠાકોર, ભુપતજી જવાનજી ઠાકોર, પંકજજી જયરામજી ઠાકોર, કોલવડાના દશરથજી પુંજાજી મકવાણા, હિરેન દિપેનભાઈ પ્રજાપતિ તેમજ ભોંયણ રાઠોડ ગામના નરેશસિંહ બાબુજી વાઘેલા, શુભમસિંહ કરણસિંહ ચૌહાણને પોલીસે જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૫૪ હજાર રોકડા અને ૬ મોબાઈલ મળીને કુલ રૂ. ૬૨ હજારનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે ગુનોં નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં પેથાપુર પોલીસે પેથાપુરના આકોલ વિસ્તારમાંથી સાંજ ના સુમારે જુગાર રમી રહેલા ૫ જુગારીઓને પકડી પાડ્યા હતા. જેમાં જીલુજી રામાજી ડાભી, ભરતભાઈ ચંચળભાઈ ભરથરી, જશંવતસિંહ છોટુજી ડાભી, સુર્યસિંહ ઉર્ફે કાળુભાઈ રાઠોડ અને વિઠ્ઠલ પુજાભાઈ રાવળનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૨,૧૬૦ રોકડા, અને ત્રણ બાઈક મળી કુલ રૂ. ૧.૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે પેથાપુર પોલીસે રાંધેજા ફાટક પાસે નાળીયામાં વાસણ તરફ જતા માર્ગ પરથી ચાર જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગાર રમતા પકડાયેલામાં રાંધેજાના લીલાજી રેવાજી ઠાકોર, અશોકભાઈ ગાંડાભાઈ દંતાણી, મહેશજી બળદેવજી ઠાકોર, અને અનિલજી લેવાજી ઠાકોરનો સમાવેશ થાય છે.પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧,૫૨૦ નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના સેક્ટર-૧૦ ખાતે સ્થિત નર્સરીની ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા ચાર જુગારીઓ પોલીસના હાથમાં આવ્યા છે. સેક્ટર-૭ પોલીસે બાતમીને પગલે રેઈડ પાડતા જુગાર રમી રહેલા રણજીત ગોકુલભાઈ ગામીત (સેક્ટર-૩૦), સુભાષ વસંતરાય ઓઝા (સેક્ટર-૪ બી), દિલિપસિંહ બળદેવજી ચાવડા, અને ટીંટોડાના ભરતજી શકરાજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૧,૨૧૧ તેમજ ચાર મોબાઈલ ફોન મળી ને કુલ રૂ. ૨૩,૧૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગાધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

# જીબીઈ વિસ્તારમાં ગાડીમાંથી ૨૮ બોટલ વિદેશી દારુ ઝડપાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક આવેલ જીઈબી વિસ્તારમાંથી પોલીસે કારમાંથી વિદેશી દારુની ૨૮ બોટલ દારુ સાથે જીઈબી ખાતે રહેતા બે યુવકોને પકડી પાડ્યા છે. પોલીસે રૂ.૧૯,૬૦૦ નો દારુ અને રૂ.૨ લાખની કાર કબ્જે કરી શખ્સો સામે પ્રોહિ એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના પીઆઈ એ.જી.ચૌહાણના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને ખાનગી રાહે દારુના વેપાર અંગે બાતમી મળી હતી. જેને પગલે તેઓએ રેઈડ કરી જીઈબી વિસ્તારમાંથી કાર પકડી પાડી હતી. જી.જે.૧૮.બી.જે.૧૩૫૮ નંબરની ગાડી ચેક કરતા પોલીસને તેમાંથી ૨૮ બોટલ દારુની મળી આવી હતી. પોલીસે કારમાં બેઠેલા શખ્સો અંગે પુછતા તેઓએ જીઈબી ટાઈપ-૩ બ્લોક નં.૧૭-૨ ખાતે રહેતા અમરસિંહ કિશોરસિંહ ગોહિલ, અને બ્લોક નં. ૧૯-૨ ખાતે રહેતા આદીફખાન હબીબખાન શેખ હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે દારુના જથ્થા અંગે પુછતા તેઓએ પેથાપુર સંજરીપાર્ક સોસાયટી ખાતે રહેતા ઈમરાન ઉર્ફે અભિ ઈનાયતખાન શમા તેમજ કોલવડા ગામનો નરેશ રાવળ દારુ આપી ગયો હોવાનું જણાવ્યું હતું. પોલીસે તમામ સામે પ્રોહિ એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

# ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાના ૧૦ ૧૦ ગામોમાં હેન્ડ વોશિંગ સ્ટેશન સ્થાપાશે

## ગાંધીનગર તાલુકાના વિરાતલાવડી ગામે હેન્ડ વોશિંગ સ્ટેશનનું લોકાર્પણ કરાયું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં કોવિડ- ૧૯ નું સંક્રમણ અટકાવવા અને આરોગ્યનું સ્તર જળવાઈ રહે, તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યનું સતર ઉચું આવે અને કોવિડ- ૧૯નું સંક્રમણ અટકાવવાના ઉમદા આશયથી સભ્ય શ્રી હસમુખભાઈ પટેલ, ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાન,



ઉચું લાવવાના ઉમદા આશયથી ચાર તાલુકામાં કુલ- ૪૦ હેન્ડ વોશિંગ સ્ટેશન સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન ( ગ્રામિણ) યોજના અંતર્ગત કમિશનરશ્રી, ગ્રામ વિકાસની કચેરી દ્વારા ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા તમામ તાલુકાના ૧૦ – ૧૦ ગામોમાં હેન્ડ વોશિંગ સ્ટેશન બનાવવાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત આજરોજ ગાંધીનગર તાલુકાના વિરાતલાવડી ગામે બનાવવામાં આવેલા હેન્ડ વોશિંગ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી હર્ષ યાદવ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી નૈલેષભાઈ શાહ, કિસાન મોરચાના મહામંત્રી શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી શ્રી આઈ.બી.વાધેલા અને તાલુકા વિકાસ અધિકારી શ્રી જી. એ. ધાંધલિયા, ગામના સરપંચ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.



હજુ તો ચોમાસુ શરૂ થયુ છે ત્યાં બજારોમાં મનમોહક રંગબેરંગી છત્રીઓનુ આગમન થઈ ચુક્યુ છે. લાઈનબદ્ધ રીતે ગોઠવાયેલી રંગબેરંગી, આકર્ષણ અને વિવિધ આકારની છત્રીઓ જોઈ તુરંત જ તેને ખરીદી લેવાની ઈચ્છા જાગે છે. કાળા રંગની દેશી છત્રીઓનુ સ્થાન હવે ઈમ્પોર્ટેડ છત્રીઓએ લઈ લીધુ છે. ખાસ કરીને નાના બાળકો માટેની છત્રીઓ ખુબ જ આકર્ષણ જમાવી રહી છે.

# કોવિડ-૧૯ ના સંક્રમણને નાથવા માટે આક્રમક પગલાંઓની હિમાયત કરતા સોનલ મિશ્રા

## જિલ્લામાં વધતા જતા કેસો અને ડેથરેટ અંગે અધિકારીઓની બેઠકમાં ચર્ચાઓ થઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં વધતા જતા કોવિડ-૧૯ના સંક્રમણને નાથવા માટે કડક પગલાંની હિમાયત આજે ગાંધીનગરનો હવાલો સંભાળતા સચિવ સુશ્રી સોનલ મિશ્રાએ કરી છે.

આજે કોવિડ-૧૯ ની સંક્રમણની સ્થિતિ અંગે યોજાયેલ એક ઉચ્ચસ્તરીય બેઠકમાં તેમણે હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓ જો તેનો ભંગ કરે તો પોલીસ પગલાં ભરવામાં આવે. આ ઉપરાંત કન્ટેનમેન્ટ વિસ્તારોમાં લોકોની અવરજવર ઘટે તે માટે પણ કડક નિયંત્રણ રાખવામાં આવે તેના પર ભાર મુક્યો હતો.

આજે મળેલી આ બેઠકમાં ગ્રામીણ વિસ્તારમાં સઘન સર્વેલન્સ ઉપરાંત સેમ્પલ કલેક્શન પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. તેમણે સંવેદનશીલ વિસ્તારો જે બન્યા છે ત્યાં કન્ટેનમેન્ટ ઝોનમાં લોકોની અવરજવરને નિયંત્રિત કરવામાં આવે એટલુ જ નહિ અહિ પોલીસ બંદોબસ્ત પણ સઘન રહે તે જોવા જણાવ્યુ હતુ.

ગાંધીનગર અને કલોલમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ આ બેઠકમાં ચિંતાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

સર્વેલન્સ માટે સ્ટાફ ઓછો પડતો હોવાની વાત તેમજ કર્મયોગીઓ છેલ્લા ત્રણ મહિનાથી દિવસ-રાત જોયા વગર જે કામ કરી રહ્યા છે તે વાતને લઈ પણ આ બેઠકમાં ચર્ચા થઈ હતી.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા ડેથ-રેટ અંગે આ બેઠકમાં ચિંતાની લાગણી વ્યક્ત કરી ફાસ્ટ ટ્રેકીંગ પર ભાર મુકવામાં આવ્યો હતો.

તેમણે તંત્ર દ્વારા લેવામાં આવી રહેલા પગલાંઓ અંગે સંતોષ વ્યક્ત જરૂર કર્યો હતો પરંતુ આક્રમકતા સાથે અમલવારી થાય તે માટે ખાસ ભાર મુક્યો હોવાનું જાણવા મળેલ છે.

# જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતોમાં હર્ષની લાગણી પ્રસરી

## ખરીફ વાવેતરના કાર્યોમાં આગામી દિવસોમાં તેજી આવશે : વાતાવરણમાં ઠંડક છવાતા નાગરિકો પણ આનંદિત

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આજે સાર્વત્રિક વરસાદ રહેતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે. જિલ્લાના ચારેય તાલુકામાં સમયસર વરસેલા મેહુલાને પગલે નવા નીરની આવક નોંધાઈ છે જે ખરીફ વાવેતર માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. જિલ્લામાં સરેરાશ એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

આજે ગાંધીનગર જિલ્લામાં માણસા તાલુકામાં સૌથી વધુ ૨૧ મીમી વરસાદ નોંધાયો જયારે ગાંધીનગર તાલુકામાં ૧૪ મીમી અને કલોલ તથા દહેગામ તાલુકામાં ૭-૭ મીમી વરસાદની આવક થવા પામી હતી. સાર્વત્રિક વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે અને ધીમી ધારે વરસેલા વરસાદથી જમીનમાં ભેજનું પ્રમાણ વધ્યુ છે. આ ઉપરાંત સમયસર આવેલા વરસાદથી જિલ્લાના ખેડૂત વર્ગમાં ખરીફ વાવેતર માટે પિયત બચી ગઈ હોવાથી આનંદની લાગણી પ્રસરવા પામી છે અને આગામી દિવસોમાં ખરીફ વાવણીના કાર્યો વધુ હાથ ધરાશે તેવુ જણાઈ રહ્યું છે. બીજી તરફ શહેરી વિસ્તારોમાં પણ વરસાદ અને ઠંડકના કારણે નાગરિકોમાં ઉકળાટ-બફારાની સ્થિતિમાંથી મુક્તિ મળવાની પ્રસન્નતા ફેલાવા પામી છે.

# શહેરમાં કોરોનાની મહામારી વચ્ચે મેલેરિયા ડેન્ગ્યુનો ખતરો

## મેલેરિયા ડેન્ગ્યુના રોગચાળાને ઉગતો ડામવા તંત્ર હજુ સક્રીય નથી : વરસાદી પાણીના ભરાન્તસાથે મચ્છર ઉત્પન્તિ સ્થાનો વધી રહ્યા છે : જન આરોગ્ય રોગચાળાની ગિરફતમાં

ગાંધીનગર તા ૮

શહેરમાં કોરોનાના વધતા કેસ વચ્ચે વરસાદી મોસમ પણ નિખરી છે.જયારે વરસાદના આગમન સાથે જ મેલેરીયા અને ડેન્ગ્યુ સહીતના રોગચાળાનો ખતરો પણ મંડરાયો છે. શહેરી વિસ્તારમાં મેલેરીયાના કેસ પણ ચાલુ થઈ ગયા છે.

એકબાજુ કોરોનાની મહામારીથી જનજીવન આમ પણ ત્રસ્ત અને ભયભીત છે. ત્યારે વરસાદી મોસમમાં મચ્છરોના ઉતપત્તિ સ્થાનો ડામવા માટે પણ હજુ સુધી અસરકારક પગલા લેવાતા નથી. વરસાદી વાયરા વચ્ચે સતત વાદળિયુ વાતાવરણ રહેતા મચ્છરો માટે ફેવરબેલ છે. ત્યારે શહેરમાં પણ વરસાદી પાણીનો ભરાવો ઠેર ઠેર થાય છે.

સેકટરોના આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો થતા મચ્છર ઉત્પત્તિ સ્થાનો પણ પણ જનઆરોગ્ય માટે જોખમી બન્યા છે. સેકટરામાં પણ મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. એકબાજુ કોરોનાની મહામારીથી બચવા માટે નાગરિકોને સતત જાગૃત કરવામાં આવી રહ્યા છે. ત્યારે વરસાદી ઋુતુ નવી આફત ન લાવે તે માટે તંત્ર હજુ પુરતુ સજાગ ન હોવાનો સુર પણ સ્થાનિક નાગરિકો આક્રોશ સાથે ઉઠાવી રહ્યા છે. સેકટરોમાં વરસાદી ઋુતુના આરંભ સાથે ગંદકી અને વરસાદી પાણીના ભરાવા સહીત અનેકવિધ નવી સમસ્યાઓ ડોકીયા કરી રહી છે.

જયારે વરસાદી દિવસોમાં આમ પણ રોગચાળો માથુ ઉંચકે તેવી દહેશત પ્રબળ હોય છે. ત્યારે કોરોનાની મહામારી વચ્ચે ભયભીત નાગરિકો હવે મેલેરિયા અને ડેન્ગયુ સામે લડવા માટે પણ સજ્જ થવુ પડશે. તંત્ર કક્ષાએથી પણ હજુ મેલેરિયા ડેન્ગ્યુ જેવા ઉગતા રોગચાળાને ડામવા માટે કોઈ અસરકારક પગલા લેવાતા ન હોવાનો રોષ પણ નાગરિકોમાં પ્રબળ બન્યો છે. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે મેલેરિયા સહીત ડેન્ગ્યુના મચ્છર ઉત્પત્તિ સ્થાનોને ડામવા માટે તંત્ર દવા છંટકાવ સહીતના અસરકારક પગલા લે તે પણ અનિવાર્ય છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# ગાંધીનગર જિલ્લાના ખેડૂતો જોગ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચની યોજના અને પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા માટે લાભાર્થીને પ્રાકૃતિક કૃષિ કિટમાં ૭૫ ટકા સહાય માટેની યોજના સરકારે અમલી બનાવી છે, તેવું આત્મા પ્રોજેક્ટ, ગાંધીનગરના પ્રોજેક્ટ ડાયરેકટર શ્રી બી.એમ.પટેલે જણાવ્યું છે.

આત્મા પ્રોજેક્ટ, ગાંધીનગરના પ્રોજેક્ટ ડાયરેકટરશ્રીએ વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર સહિત રાજયના તમામ ખેડૂતોને ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૦-૨૧ માં આ યોજના અમલી બનાવી છે. આ યોજનાનો લાભ લેવા માટે પ્રોજેક્ટ ડાયરેકટર, આત્માને i-khedut Portal પર તારીખ – ૧૫-૦૮-૨૦૨૦ સુધીમાં ઓનલાઈન અરજી ગ્રામ કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટર મારફત અથવા કોમ્પ્યુટર ઈન્ટરનેટની સુવિધા હોય ત્યાંથી કરી શકાશે.

**જાહેર નિવિદા**

સરકારી જિલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧, ગાંધીનગરના ફર્નિચર તથા પુસ્તકો બાજુના મકાનમાં ફેરવવાના થતા હોઈ માલસામાનની હેરફેર કરતી એજન્સી પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. રસ ધરાવતી એજન્સીએ તા. ૧૭/૭/૨૦૨૦ના રોજ ૧૬-૦૦ કલાક સુધીમાં રૂબરૂ કે પોસ્ટ દ્વારા ભાવો બંધ કવરમાં આપવાના રહેશે. તા. ૧૭/૭/૨૦૨૦ના રોજ ૧૭-૦૦ કલાકે ટેન્ડર ખોલવામાં આવશે. વધુ માહિતી માટે સંસ્થામાં સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ અને બપોરે ૪-૦૦ થી ૬-૩૦ સંપર્ક કરી શકાશે.

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
'વિદ્યાયન' સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

**ઈલેક્ટ્રીફીકેશન અને સ્ટ્રીટ લાઈટ-હાઈમાસ્ટ રીપેરીંગ કામગીરી બાબત**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરની સેક્ટર-૧૦/એ ખાતે આવેલ મુખ્ય કચેરી, સેક્ટર-૨૪ ખાતેના સ્ટાફ ક્વાર્ટસ, ગોડાઉનો સેક્ટર-૨૫ જીઆઈડીસી, અસારવા સેલડેપો, અમદાવાદ, નિર્ણયનગર વેચાણકેન્દ્ર, અમદાવાદ અને અડાલજ ગોડાઉન ખાતે ઈલેક્ટ્રીફીકેશન, ઈલેક્ટ્રીકની સર્વિસ - રીપેરીંગ કામગીરી વાર્ષિક ધોરણે કરવાની હોવાથી તેમજ ગોડાઉન સેક્ટર-૨૫ ખાતેના હાઈમાસ્ટ, મુખ્ય કચેરી, સ્ટાફ ક્વાર્ટસ, નિર્ણયનગર અમદાવાદ ખાતેની સ્ટ્રીટ લાઈટ રીપેરીંગ કામગીરી માટે વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ કરવા માટે આ પ્રકારની કામગીરી કરતી ગાંધીનગર અને અમદાવાદની સ્થાનિક ઈલેક્ટ્રીકલ્સ એજન્સીઓ પાસેથી બંને કામના અલગ-અલગ ટેન્ડરોથી ભાવો મંગાવવામાં આવે છે. આ બંને અલગ-અલગ કામગીરી માટેના ટેન્ડર ફોર્મ ઉપરોક્ત કચેરીના સરનામેથી જાગીર શાખામાં રૂ. ૧૦૦/- રોકડા પ્રતિ ટેન્ડર જમા કરાવી તા. ૧૬/૭/૨૦૨૦ સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમિયાન મળી શકશે. ભરેલા ટેન્ડર ફોર્મ અલગ-અલગ બંધ કવરમાં તા. ૨૪/૭/૨૦૨૦ના રોજ ૧૭:૦૦ કલાક સુધી કચેરીમાં જમા કરાવવાના રહેશે. કવર ઉપર 'ઈલેક્ટ્રીફીકેશન અને ઈલેક્ટ્રીક રીપેરીંગ-સર્વિસ કામગીરીના ભાવ' અને 'સ્ટ્રીટ લાઈટ અને હાઈમાસ્ટ રીપેરીંગ - સર્વિસ કામગીરીના ભાવ' એમ દર્શાવવાનું રહેશે.

માહિતી/૪૨૨/૨૦-૨૧ નિયામક